ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૫/૧૭૧૨-૫૦
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૧૬/૦૬/૨૦૨૫

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)
ગુજરાત રાજ્ય

વિષય:- શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ માટે ધોરણ-૯ થી ૧૨ ના વિષય માળખામાં વોકેશનલ શિક્ષણના વિષયના સમાવેશ બાબત.

સંદર્ભ:- (૧) અત્રેની કચેરીનો તા.૨૫/૧૦/૨૦૨૪ નો પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૪/૩૨૭૪-૮૦
(૨) શિક્ષણ વિભાગનો પત્ર ક્રમાંક: ED/other/e-file/3/2024/4095/CHH તા.૨૩ /૧૦/૨૦૨૪

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે સંદર્ભ-૧ દર્શિત અત્રેની કચેરીના પત્ર સાથે ધોરણ-૯ થી ૧૨ નું વિષય માળખું જાણ તથા અમલ સારું પ્રસિદ્ધ કરવામાં આવેલ હતું.

શિક્ષણ વિભાગના સંદર્ભ-૨ દર્શિત પત્રથી મળેલ મંજૂરી અન્વયે ધોરણ-૧૦ માં હિન્દી માધ્યમની શાળાઓમાં જે વિષયો છે તે ઉપરાંત વધારાના આઠમા વિષય તરીકે વોકેશનલ શિક્ષણનો વિષય રાખી શકાશે તેમજ ધોરણ-૧૦ માં અન્ય માધ્યમની શાળાઓના વિદ્યાર્થીઓ જો ત્રીજી ભાષા અને વોકેશનલ વિષય બંને રાખવા ઇચ્છતા હોય તેવા વિદ્યાર્થીઓ સ્વૈચ્છિક ધોરણે ધોરણ-૧૦ માં આઠમા વધારાના વિષય તરીકે વોકેશનલ શિક્ષણનો વિષય રાખી શકશે. આ ઉપરાંત, ધોરણ-૧૧ અને ૧૨(વિજ્ઞાન પ્રવાહ) ના વિષય માળખામાં જૂથ-૨ માં વોકેશનલ શિક્ષણના વિષયનો સમાવેશ કરવામાં આવેલ છે.

ઉક્ત વિગતો આપની કક્ષાએથી આપના તાબા હેઠળની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ તેમજ અમલ સારૂ મોકલી આપશો.

જિ. શિ. અ. કચેરી
છોટાઉદેપુર
અત્રેની નોંધણી નંબર 8273
તારીખ 17/6/25
શાખા EI/AEI
કર્મચારીની સહી ________

EI/AEI
શાળાઓને જાણ

સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર

**નકલ સવિનય રવાના-**
- માન.અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર.
- માન.સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષાની કચેરી, વિદ્યા સમીક્ષા કેન્દ્ર,સેક્ટર-૧૯, ગાંધીનગર

**નકલ રવાના જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ-**
- નાયબ નિયામકશ્રી પરીક્ષા(સામાન્ય પ્રવાહ) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર
- નાયબ નિયામકશ્રી પરીક્ષા(વિજ્ઞાન પ્રવાહ) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર
- નાયબ નિયામકશ્રી પરીક્ષા(SSC) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર

E:\VISHAL DABHI\Bhaiali\પત્ર\vishay madhu16.6.25.docx

Scanned with OKEN Scanner

જા.નં.ક- ૩/૫૨૨/૨૦૨૫/3222
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
જિલ્લા સેવાસદન બીજો માળ,
જિ. છોટાઉદેપુર
તા.૧૭/૦૬/૨૦૨૫

૨/-આ સાથે સામેલ સંદર્ભદર્શિત પત્ર, સયુંક્ત નિયામકશ્રી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગરના પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૫/૧૭૧૨-૫૦ તા.૧૭/૦૬/૨૦૨૫ ના પત્ર અન્વયે સૂચનાઓની જાણ તથા અમલીકરણ કરવા આથી જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી
છોટાઉદેપુર

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,

CamScanner